પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-50 ■ તા. 22-12-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk




# 'કુવૈત અને ગુજરાતના વેપારીઓ વચ્ચે અનોખો સંબંધ' : વડાપ્રધાન



'આજે કુવૈતમાં મિની હિન્દુસ્તાન દેખાઈ રહ્યું છે'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે (૨૧ ડિસેમ્બર, ૨૦૨૪) રાજ્યના અમીર શેખ મેશલ અલ-અહમદ અલ-જબર અલ-સબાબના નિમંત્રણ પર બે દિવસીય યાત્રા પર કુવૈત પહોંચ્યા. ૪૩ વર્ષમાં કુવૈતની યાત્રા કરનારા નરેન્દ્ર મોદી પહેલા ભારતીય વડાપ્રધાન છે, જેમનું ખાડી દેશના વરિષ્ઠ અધિકારીઓએ ઉત્સાહભેર સ્વાગત કર્યું.વડાપ્રધાન મોદી ગલ્ફ સ્પિક લેબર કેમ્પ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ભારતીય શ્રમિકો સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ વડાપ્રધાન મોદીએ હાલા કાર્યક્રમમાં પહોંચ્યા હતા. જ્યાં તેમણે સંબોધન કરતા કહ્યું કે, 'કુવૈત અને ગુજરાતના વેપારીઓ વચ્ચે અનોખો સંબંધ છે. કુવૈતના ઘણાં વેપારીઓએ મુંબઈ, કોલકાતા અને પોરબંદરમાં ઓફિસ ખોલી છે. કુવૈતના ઘણાં પરિવાર મોહમ્મદ અલી રોડ પર રહે છે. લોકોને જાણીને આશ્ચર્ય થશે કે ૬૦-૬૫ વર્ષ પહેલા કુવૈતમાં ભારતીય રૂપિયો એવી જ રીતે ચાલતો હતો જેવી રીતે ભારતમાં ચાલે છે.'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આજે કુવૈતમાં મિની હિન્દુસ્તાન જોવા મળી રહ્યું છે. ભારત અને કુવૈતનો સંબંધ સભ્યતાઓનો છે, સાગરનો છે... વેપાર-કારોબારનો છે. ભારત અને કુવૈત, અરબ સાગરના બે કિનારાઓ પર વસે છે. આપણે માત્ર ડિપ્લોમેસીએ જ નહીં, પરંતુ દિલોથી એકબીજા સાથે જોડ્યા છે. આપણો વર્તમાન જ નહી, પરંતુ આપણો અતીત પણ આપણને જોડે છે.'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ભારત, દુનિયાના તે પહેલા દેશોમાંથી એક છે, જેણે કુવૈતની સ્વતંત્રતા બાદ તેને માન્યતા આપી હતી. એટલા માટે દેશથી જે સમાજથી આટલી બધુ યાદો જોડાયેલી છે. ત્યાં મારું આવવું મારા માટે ખુબ યાદગાર છે. હું કુવૈતના લોકો અને અહીંની સરકારનો ખુબ આભારી છું.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ભારત અને કુવૈતે હંમેશા એકબીજાની મદદ કરી છે. જ્યારે ભારતને સૌથી વધુ જરૂર પડી તો કુવૈતે હિન્દુસ્તાનને ૈંઢ 'ટઅપ્નીહની સપ્લાય કરી. ઉંૈજ ઉૈંપ્નરહીજજ્ રી ઝુહિૈંહિજીએ ખુદ આગળ આવીને સૌને ઝડપથી કામ કરવા માટે પ્રેરિત કર્યા. મને સંતોષ છે કે ભારતે પણ કુવૈતને વેક્સિન અને મડિકલ ટીમ મોકલીને આ સંકટથી લડવાનું સાહસ આપ્યું.'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આ વર્ષે જૂનમાં કુવૈતમાં આટલી મોટી દુર્ઘટના બની- જે અગ્નિકાંડ થયો, તેમાં અનેક ભારતીયોએ પોતાનો જીવ ગુમાવ્યો, જ્યારે મને આ સમાચાર મળ્યા તો ખુબ ચિંતા થઈ, કુવૈતે જે મદદ કરી તે માત્ર ભાઈ જ કરી શકે છે.

## પાટણ જિલ્લામાં એગ્રી સ્ટેક ક્રોપ સર્વેયરોનું પેમેન્ટ ચલ્લે ચડતા આક્રોશ

સાંતલપુર ડિજિટલ ગુજરાતના પાયાના કર્મચારી તરીકે અને ગ્રામીણ કક્ષાએ સરકારની સીધી સેવા પૂરી પાડનાર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા વી.સી.ઈ નું સરકાર દ્વારા આર્થિક શોષણ થઇ રહ્યું હોવાનું ફલિત થયું છે સાંતલપુર તાલુકા ના તમામ વી.સી.ઈ ઓએ વધારે વરસાદ માં ખેતરો મા પાણી ભરાયેલું હોવા છતા અને રસ્તામા પાણી કીચડ હોવા છતાંય ખેતરે ખેતરે ફરીને કામગીરી પૂર્ણ કરી તો પણ ત્રણ ત્રણ મહિના થી મહેનતાણુ ચૂકવવામાં આવ્યું નથી.પ્રાપ્ત માહિતી પ્રમાણે પેમેન્ટ સિસ્ટમ બદલી હોઇ સમયસર પેમેન્ટ થઇ શક્યું નથી અને આ આ સ્થિતીનું જિલ્લાના તમામ તાલુકાઓમાં નિર્માણ થયું હોવાનું જાણવા મળેલ છે.અત્રે ઉલેખનીય છે કે ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા પાણી પત્રક નમૂના નં ૧૨ની નોધણી ઓફ લાઈન કરવામાં આવી હતી જે હવે ડિજિટલ ક્રોપ સર્વે દ્વારા પાણી પત્રક નમૂના નં ૧૨માં ઓનલાઇન નોંધણી કરવામાં આવે છે દેશમાં પાક વાવેતરના રિયલ ટાઈમ ડેટા મેળવવા માટે ભારત સરકાર દ્વારા અગ્રિસ્ટેક એપ્લિકેશન ત્યાર કરવામાં આવી છે

## અમદાવાદીઓ ઠુંઠવાઈ જવા તૈયાર રહેજો, પારો ૧૦ નીચે ગગડે તેવી શક્યતા

સૌરાષ્ટ્ર-કચ્છમાં કડકડતી ઠંડીનું જોર યથાવત્ રહ્યું છે. શુક્રવારે નલિયામાં ૬.૪ જ્યારે રાજકોટમાં ૯.૫ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આજે શનિવારે નલિયા-રાજકોટ-પોરબંદરમાં કોલ્ડવેવની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં શુક્રવારે ૧૩.૪ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૦.૨ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદમાં આગામી પાંચ દિવસ ૧૪ ડિગ્રીની આસપાસ લઘુતમ તાપમાનનો પારો રહેશે. હવામાન નિષ્ણાતોને મતે ક્રિસમસ બાદ ૨૭ ડિસેમ્બરથી અમદાવાદમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ગગડતાં ઠંડીનું જોર વધી શકે છે. આજે શનિવારે અમદાવાદનું સરેરાશ મહત્તમ તાપમાન ૨૮.૬ ડિગ્રી હતું. શુક્રવારે રાત્રિના અન્યત્ર જ્યાં ૧૩ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું તેમાં રાજકોટ, ભુજ, દાહોદ, અમરેલી, ડીસાનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં ૧૩.૩ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## જયપુર અગ્નિકાંડમાં મૃત્યુઆંક ૧૪ થયો, શબની ઓળખ પણ મુશ્કેલ બની, ઘાયલોનો આંકડો ૮૦ને પાર

જયપુરમાં ભીષણ આગની ઘટનામાં મૃત્યુઆંક વધી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થયા છે. ૩૦ થી વધુ લોકો ઘાયલ છે, જેમાંથી ૨૮ લોકો ૮૦ ટકાથી વધુ દાઝી ગયા છે. જેમાંથી ઘણાની હાલત નાજુક છે. જેના કારણે મૃત્યુઆંક વધવાની આશંકા છે.આ ભયાનક અકસ્માતમાં ૬ મૃતદેહ એટલી ખરાબ રીતે દાઝી ગયા છે કે તેમની ઓળખ પણ થઈ શકતી નથી. સરકારે આવા મૃતદેહોની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ કરાવવાનો નિર્ણય લીધો છે. મૃતકના ડીએનએ સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. ૨૦ ડિસેમ્બરના રોજ જયપુર-અજમેર હાઈવે પર સવારે લગભગ ૬ વાગ્યે એલપીજી ટેન્કર અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થયા બાદ જોરદાર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ બાદ આગની જવાળાઓ દૂર સુધી પહોંચી અને ત્યાંથી પસાર થતા ૪૦ જેટલા વાહનોને લપેટમાં લીધા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જે બસ બળીને રાખ થઈ ગઈ હતી તેની પરમિટ ૧૬ મહિના પહેલા જ સમાપ્ત થઈ ગઈ હતી.રાજસ્થાનના મુખ્ય સચિવ સુધાંશ પંતના નિર્દેશ પર અકસ્માતની તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની રોડ સેફ્ટી કમિટીએ મુખ્ય સચિવ પાસેથી અકસ્માત અંગે રિપોર્ટ માંગ્યો છે. જોઈન્ટ ઈન્વેસ્ટિગેશન ટીમ અકસ્માતના તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ કરશે. આ કમિટી અકસ્માત માટે જવાબદાર વિભાગના અન્ય પાસાઓની પણ તપાસ કરશે. રોડ સેફ્ટી પર સુપ્રીમ કોર્ટની કમિટીએ ૨૦ જાન્યુઆરી સુધીમાં આ મામલે તપાસ રિપોર્ટ માંગ્યો છે.



જન ફરિયાદ



તંત્રી લેખ....

# યુએસમાં શટડાઉનનો ખતરો!

અમેરિકા હાલમાં ગંભીર આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે. દેશમાં સરકારી કર્મચારીઓને પગાર ચૂકવવા માટે પૂરતા પૈસા નથી. સ્થિતિ બંધ થવાની નજીક છે. ભંડોળ એકત્ર કરવા માટે, યુએસ સંસદમાં ગુરુવારે (૧૯ ડિસેમ્બર) રાત્રે એક બિલ રજૂ કરવામાં આવ્યું હતું, જેને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સમર્થન આપ્યું હતું. જો કે આ બિલ સંસદમાં નિષ્ફળ ગયું હતું. શટડાઉન રોકવાના ઉદ્દેશ્ય સાથે ગુરુવારે રાત્રે સંસદમાં એક બિલ રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસ્તાવિત બિલને ટ્રમ્પે સમર્થન આપ્યું હતું. જોકે, વિપક્ષી ડેમોક્રેટ્સે તેનો જોરદાર વિરોધ કર્યો હતો અને તેને નકારી કાઢ્યો હતો. ડેમોક્રેટ્સ ટ્રમ્પના કાર્યકાળના પ્રથમ વર્ષમાં કોઈ રાજકીય લાભ આપવા માંગતા ન હતા, જેના કારણે તેઓએ આ બિલનો વિરોધ કર્યો હતો. આ બિલનો વિરોધ માત્ર ડેમોક્રેટ્સે જ નહીં પરંતુ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના કેટલાક સાંસદોએ પણ કર્યો હતો. આ બિલને સંસદમાં ૧૭૪-૨૩૫ના માર્જિનથી ફગાવી દેવામાં આવ્યું હતું. રિપબ્લિકન પાર્ટીના ૩૮ સાંસદોએ પણ તેની વિરુદ્ધ વોટ કર્યો હતો. અમેરિકાને તેના ખર્ચાઓને પહોંચી વળવા માટે ભંડોળની જરૂર છે. આ ફંડ ડેટ દ્વારા એકત્ર કરવામાં આવે છે, જેના માટે સંસદમાં બિલ પસાર કરવામાં આવે છે. આ વખતે પ્રસ્તાવિત બિલ ટ્રમ્પના સમર્થનથી રજૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તે પસાર થઈ શક્યું ન હતું. આનો અર્થ એ થયો કે યુએસ સરકાર તેના ખર્ચ માટે જરૂરી ભંડોળ મેળવી શકશે નહીં. સરકાર આ ભંડોળમાંથી સરકારી કર્મચારીઓના પગાર અને અન્ય વહીવટી ખર્ચને પહોંચી વળે છે. જો બિલ પાસ નહીં થાય તો સરકારી કામકાજ અટકી જશે અને શટડાઉનની સ્થિતિ સર્જાશે. સરકાર પાસે શટડાઉન રોકવા માટે શુક્રવાર રાત સુધીનો સમય છે. જો આ બિલ સમયસર પસાર નહીં થાય તો અમેરિકામાં શટડાઉન જાહેર કરવામાં આવશે. જેની સીધી અસર અમેરિકન અર્થતંત્ર અને વહીવટીતંત્ર પર પડશે. આ બિલમાં માર્ચ સુધી સરકારી ખર્ચ માટે ભંડોળ પૂરું પાડવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

# કોઈ શરત વિના યુદ્ધ સમાપ્ત કરવા માટે તૈયાર : વ્લાદિમીર પુતિન




નવી દિલ્હી/વોશિંગ્ટન

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરુવારે કહ્યું હતું કે તેઓ યુદ્ધ સમાપ્ત કરવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સંભવિત વાટાઘાટોમાં યુક્રેન પર સમાધાન કરવા તૈયાર છે. નોંધનીય બાબત એ છે કે પુતિને કહ્યું છે કે યુક્રેનના અધિકારીઓ સાથે વાતચીત શરૂ કરવા માટે તેમની કોઈ શરત નથી. ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને ઝડપથી ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી છે પરંતુ તેમણે હજુ સુધી એ સમજાવ્યું નથી કે તેઓ યુદ્ધનો અંત કેવી રીતે કરશે. પુતિનનું આ મહત્વપૂર્ણ નિવેદન યુક્રેન યુદ્ધના લગભગ ૩૪ મહિના પછી તેમના વાર્ષિક સવાલ-જવાબ કાર્યક્રમ દરમિયાન આવ્યું છે, જેમાં તેઓ સરકારી ટેલિવિઝન પર મીડિયા અને સામાન્ય લોકોના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. પુતિને એ વાતનો ઈનકાર કર્યો હતો કે રશિયા હાલમાં નબળી સ્થિતિમાં છે. એક અમેરિકન ન્યૂઝ ચેનલના પત્રકારના પ્રશ્નનો જવાબ આપતા પુતિને કહ્યું કે તેઓ ટ્રમ્પને મળવા માટે તૈયાર છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે તેમણે ટ્રમ્પ સાથે વર્ષોથી વાત કરી નથી. આ દરમિયાન પુતિને કહ્યું હતું કે, 'અમે હંમેશા કહ્યું છે કે અમે વાતચીત અને સમાધાન માટે તૈયાર છીએ. રશિયા હાલમાં ૨૦૨૨થી વધુ મજબૂત સ્થિતિમાં છે જ્યારે યુક્રેન વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. રશિયન દળો યુક્રેનમાં તેમના પ્રાથમિક ઉદ્દેશ્યો હાંસલ કરવા આગળ વધી રહ્યા હોવા છતાં તેઓ વાતચીત અને સમાધાન માટે તૈયાર છે. પુતિને સ્વીકાર્યું કે યુક્રેનમાં લડાઈ જટિલ છે. પુતિને વધુમાં કહ્યું હતું કે, "મને લાગે છે કે ટૂંક સમયમાં યુક્રેનિયન નાગરિકો જે લડવા માંગે છે તે ભાગી જશે. કોઈ પણ એવો બચશે નહી જે લડવા માંગતો હોય. અમે તૈયાર છીએ, પરંતુ બીજી બાજુએ પણ વાતચીત અને સમાધાન બંને માટે તૈયાર રહેવું જોઈએ." પુતિને થોડા સમય પહેલા પણ કહ્યું હતું કે રશિયા સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે મંત્રણા માટે તૈયાર છે, પરંતુ તેમણે તેમની માંગનો પુનરોચ્ચાર કર્યો હતો કે યુક્રેન ઉત્તર એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો)માં જોડાવાની ઈચ્છા છોડી દે. જોકે, યુક્રેન અને પશ્ચિમી દેશોએ આ માંગણીઓ ફગાવી દીધી હતી. નોંધનીય છે કે થોડા સમય પહેલા અમેરિકાના ભાવિ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરી હતી. પોતાના અંગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ સોશિયલ' પર એક પોસ્ટમાં સીરિયાની તાજેતરની સ્થિતિનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે અસદ સત્તા ગુમાવી ચૂક્યા છે, ઘણા લોકોના મોત થયા છે, યુક્રેનમાં તાત્કાલિક યુદ્ધવિરામ થવો જોઈએ.




Introducing Real Vs GTA From the sleek sophistication of the Ferrari SF90 in the office, captured by @johnnie_supercars.in.flroida, to the thrilling streets of Los Santos with the Grotti Itali RSX, brought to life by @gtadjar and powered by @grotti.nation. Where luxury meets perfromance, both in reality and the virtual wrold. Instagram Handles Real @johnnie_supercars.in.flroida GTA @gtadjar

# બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ તેના આંતરિક અને બાહ્ય દબાણનું પરિણામ છે

નવી દિલ્હી/વોશિંગ્ટન

૧૯૭૧ માં, ભારત (હ્ક્ષ્ક્ષ)એ પોતાની સૈન્ય અને આર્થિક તાકાતના બળ પર બાંગ્લાદેશ (મ્હહપ્ક્ષ્ક્ષ્ક્ષીજર) ને પાકિસ્તાનથી આઝાદી અપાવી. પરંતુ આજના સંજોગોમાં જ્યારે બાંગ્લાદેશ પોતે જ ભારતથી દૂર રહેવા માંગે છે ત્યારે તેની સ્થિતિ નાજુક બની ગઈ છે. ઓગસ્ટ ૨૦૨૪માં શેખ હસીના સરકારના પતન અને ભારત વિરોધી શક્તિઓના સત્તામાં આવ્યા પછી બાંગ્લાદેશમાં આર્થિક અને સામાજિક પતન શરૂ થયું છે. આર્થિક દ્દષ્ટિકોણથી બાંગ્લાદેશની ભારત પર નિર્ભરતા ઘણી હદ સુધી છે. બાંગ્લાદેશની ૯૪% સરહદ ભારત સાથે છે. આ ૪,૩૬૭ કિલોમીટર લાંબી સરહદને કારણે બાંગ્લાદેશનો વેપાર અને સુરક્ષા ભારત પર ખૂબ નિર્ભર છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૨-૨૩માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો કુલ વેપાર ૧૬ અરબ ડોલર હતો. આમાં, બાંગ્લાદેશની ભારતમાં નિકાસ માત્ર ૨ અબજ ડોલર હતી, જ્યારે ભારતમાંથી આયાત ૧૪ અબજ ડોલર હતી. ભારત પડોશી દેશોમાં કપાસ, અનાજ, ખાંડ, ઈલેક્ટ્રોનિક સાધનો અને સ્ટીલ જેવા ઉત્પાદનો મોકલે છે. જો આપણે બાંગ્લાદેશના જીડીપીની વાત કરીએ તો તેમાં કાપડ ઉદ્યોગનું યોગદાન ૧૧ ટકા છે. તેમાંથી ભારત તેના કુલ કપાસ ઉત્પાદનના ૩૫ ટકા બાંગ્લાદેશમાં નિકાસ કરે છે. આ રીતે, જો ભારત કપાસની નિકાસ બંધ કરે તો બાંગ્લાદેશનો કાપડ ઉદ્યોગ અટકી શકે છે. આ વર્ષના ઑગસ્ટથી, બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાને ૨ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે, જેના કારણે જીડીપી વૃદ્ધિ દર, જે પહેલા ૬.૩ ટકા હતો, તે હવે ૫ થી ઓછો રહેવાનો અંદાજ છે. આ સિવાય માથાદીઠ આવકમાં ઘટાડો અને મોંઘવારી વધવાથી સ્થિતિ વધુ ખરાબ થઈ છે. પાકિસ્તાન અને ચીન બાંગ્લાદેશને ભારત સામે ઉભો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. બાંગ્લાદેશે તાજેતરમાં પાકિસ્તાનમાંથી ૨૫,૦૦૦ ટન ખાંડની આયાત કરી હતી, પરંતુ તેની કિંમત ભારત કરતા વધુ હતી. ચીન અને પાકિસ્તાન બાંગ્લાદેશને પરમાણુ ટેક્નોલોજી આપવાની લાલચ આપી રહ્યા છે, પરંતુ તેના કારણે બાંગ્લાદેશને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે. જેના કારણે બાંગ્લાદેશની સ્થિતિ વધુ ખરાબ થશે અને દેશની અંદર ભયાવહ સ્થિતિનું નિર્માણ થઈ શકે છે.

# રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી

રાજકોટ,

રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી. શહેરમાં સ્વામિનારાયણ મંદિર માટે જમીન ખરીદી મામલે છેતરપિંડી થયાની ફરિયાદ થઈ. રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી. શહેરમાં સ્વામિનારાયણ મંદિર માટે જમીન ખરીદી મામલે છેતરપિંડી થયાની ફરિયાદ થઈ. જમીન દલાલ સુરેશ ઘોરીએ ખેડૂતને તેની જમીન પર ગૌશાળા અને મંદિર બનાવવામાં આવશે તેમ કહી જસ્મીન માઢક પાસેથી રૂપિયા લઈ દસ્તાવેજ કરી લીધા. પરંતુ નક્કી કર્યા મુજબ જમીન વેચાણના ૩ કરોડ રૂપિયા ના આપતા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. મળતી માહિતી મુજબ દહેગામ પાસે રહેતા એક ખેડૂતે જમીન દલાલને મંદિર બનાવવા તેમની જમીન વેચી. દહેગામ નજીક લીંબા ગામની ૫૧૦ વીઘા જમીન ઉપર ગૌશાળા અને ભવ્ય મંદિર બનાવવામાં આવશે તેમ જમીન દલાલે સુરેશ ઘોરીએ કહ્યું અને આ સોદો ૩ કરોડ રૂપિયામાં નક્કી કર્યો હતો. ખેડૂતને પોતાની જમીન પર ગૌશાળા અને મંદિરના સારા ઉપયોગમાં આવતા વધુ કિમંત થતી હોવા છતાં ૩ કરોડમાં વેચાણ કરવા મંજૂરી આપી. ખેડૂત અને જમીન દલાલ વચ્ચે વેચાણનો સોદો નક્કી થયો. અને આ જમીન ખરીદીનો બાનાખત જસ્મીન માઢક સાથે કરવામાં આવ્યો હતો. જો કે જસ્મીન માઢકને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતા ફરિયાદ નોંધાવી હતી. તેમજ છેતરપિંડીની જાણ થતા જસ્મીન માઢકની સાથે ખેડૂતે પણ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી. મંદિરના નામે જમીન ખરીદીને લઈને રૂ. ૩ કરોડની છેતરપિંડી કરનાર જમીન દલાલ લાંબા સમયથી ફરાર હતો. જો કે ફરિયાદ બાદ પોલીસે કાર્યવાહી કરતાં હાલમાં સુરેશ ઘોરી પોલીસના સકંજામાં છે.

# ભારત ગૌરવ પુરસ્કાર સમારંભમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાનું પ્રેરક સંબોધન

નવી દિલ્હી,

ભારત ગૌરવ પુરસ્કાર સમારંભમાં આજે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ દેશભરમાંથી પસંદગી પામેલી પ્રતિભાઓનુ સમાજ તથા માનવતા માટે તેમની સેવા બદલ સમ્માન કર્યું. કાર્યક્રમનું આયોજન ભારત ગૌરવ એવોર્ડ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યુ હતું કે જે ૨૦૧૭થી સમાજને નવી દિશા આપતી ઉત્કૃષ્ટ પ્રતિભાઓને ઓળખ તથા પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહ્યુ છે. તેમણે સમારંભને સંબોધતા જણાવ્યું હતું, ''આ ખૂબ જ ગૌરવની વાત છે કે ફાઉન્ડેશનના માધ્યમથી દેશભરની તેવી હસ્તીઓનુ સન્માન કરવામાં આવી રહ્યુ છે કે જેમણે સમાજના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. આવા પ્રયત્નો રાષ્ટ્ર નિર્માણમાં પ્રેરણા આપે છે તથા યુવાઓને આગળ વધવાનો રાહ ચીંધે છે.''તેમણએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતની પ્રગતિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વનું પાંચમુ સૌથી મોટું અર્થતંત્ર છે અને ટુંક સમયમાં જ ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ અગ્રેસર છે. શ્રીમતી બાંભણિયાએ યુવાઓ માટે ચલાવાઈ રહેલી યોજનાઓ પર ભાર આપતા જણાવ્યું






Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું